જીવનનું સૌથી મોટું સુખ સતત વિશ્વાસ અને વફાદારી છે... વફાદારી આપીને વફાદારી પામનાર નિશ્ચિંત જીવન જીવી શકે છે

- નવનિત

# ગાંધીનગર સમાચાર

આપણું પોતાનું અખબાર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૧૩૯ | ૨૯ જુલાઇ, ૨૦૧૪, મંગળવાર; શ્રાવણ સુદ - ૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## NEWS બિટ્સ

### બીગ-બીની યુધ્ધ સિરિયલ પ્રેક્ષકોને જકડવામાં અસફળ

બોલીવુડના મહાન અભિનેતા અમિતાભ બચ્ચન પ્રથમ વખત યુધ્ધ



નામની ટીવી સીરીયલમાં જોવા મળ્યા છે. જો કે દિગ્ગજ અભિનેતા હોવા છતા આ સીરીયલ જોઈએ તેટલી વ્યુઅરશીપ મેળવી શકી નથી અને પ્રેક્ષકોને જકડી રાખવામાં અસફળ રહી છે. તેનો ટીઆરપી રેટીંગ માત્ર ૧.૨ જેટલો જ આવ્યો છે.

### સાયન્સ એક્સપ્રેસ ટ્રેન ગાંધીનગર આવશે

પર્યાવરણ મંત્રી પ્રકાશ જાવડેકરે સાયન્સ એક્સપ્રેસ બાયોડાયવર્સિટી સ્પેશીયલ ટ્રેનને લીલી ઝંડી બતાવી પ્રસ્થાન કરાવ્યું હતું. આ ટ્રેન ૧૯ દિવસોમાં આખા દેશમાં ફરશે અને ૫૭ રેલવે સ્ટેશનોએ રોકાણ કરશે તથા યુવાનોમાં બાયોડાયવર્સિટી અંગે જાગૃતિ લાવશે.



ૐ નમઃ શિવાય - શ્રાવણ માસના પ્રથમ સોમવારે ભગવાન શીવના દર્શને ભાવિકો મોટી સંખ્યામાં શિવાલયોમાં ઉમટ્યા હતા. જળાભિષેક કરવાનો મહિમા અનેરો છે... ભગવાન શંકરને રીઝવવા ભક્તો પૂજન-અર્ચન કરી ધન્યતા અનુભવે છે...

# રાજ્યમાં અતિભારે વરસાદની આગાહી

### રાજ્યના ૨૧ જિલ્લાઓના ૭૫ તાલુકાઓમાં નોંધપાત્ર વરસાદ : દીવ-દમણ, દાદરાનગર હવેલી તથા સૌરાષ્ટ્ર ઉપર આફતના વાદળો ઘેરાયા લો પ્રેશર સિસ્ટમ વધુ મજબુત બની : રાજ્યભરમાં હળવાથી મધ્યમ ઝાપટા

અમદાવાદ, તા.૨૮

રાજ્યના જુદા જુદા વિસ્તારોમાં ચોમાસાએ ભારે જમાવટ કરી છે. થોડા દિવસના વિરામ બાદ મેઘરાજાએ ફરીથી ગુજરાત પર અમીકૃપા વરસાવી છે. આજે દિવસ દરમિયાન રાજ્યના ૨૧ જિલ્લાના ૭૫ તાલુકાઓમાં નોંધપાત્ર વરસાદ નોંધાયો હતો. જેમાં સહુથી વધુ વલસાડના કપરાડામાં ૯૭ મીમી એટલે કે ચાર ઈંચ વરસાદ થયો હતો જ્યારે સુરતના કામરેજમાં ૮૨ મીમી તથા માંડવીમાં ૪૬ મીમી વરસાદ પડ્યો હતો જ્યારે ઉત્તર ગુજરાત, મધ્ય ગુજરાત અને સૌરાષ્ટ્રના જુદા જુદા વિસ્તારોમાં છુટા છવાયા વરસાદી ઝાંપટા પડ્યા હતા.

હવામાન વિભાગ દ્વારા અગામી ત્રણ દિવસ સુધી રાજ્યના દક્ષિણ ગુજરાત, સૌરાષ્ટ્ર તથા ખાસ

કરીને દીવ-દમણ અને દાદરાનગર હવેલી ખાતે ભારેથી અતિભારે વરસાદ પડવાની આગાહી કરવામાં આવી છે જ્યારે ઉત્તર ગુજરાત મધ્ય ગુજરાત સહિત રાજ્યના અન્ય કેટલાંક વિસ્તારોમાં પણ ભારે વરસાદ પડશે તેવી પણ ચેતવણી ઉચ્ચારવામાં આવી છે. દરમિયાન અમદાવાદ સહિત સૌરાષ્ટ્ર-કચ્છમાં આજે સવારે પુરા થતા ૨૪ કલાક દરમિયાન શ્રાવણી જેવા છુટા છવાયા ઝાપટાંઓ ચાલુ રહ્યા છે પરંતુ દક્ષિણ ગુજરાતના વલસાડ, નવસારી ઉપરાંત મધ્ય અને ઉત્તર ગુજરાતના આણંદ, છોટાઉદેપુર જિલ્લાઓમાં અડધાથી પાંચ ઈંચ સુધી વરસાદ થયો હોવાનું સ્ટેટ કંટ્રોલરૂમના સત્તાવાળાઓ જણાવી રહ્યા છે. સત્તાવાળાઓના જણાવ્યા મુજબ સમગ્ર રાજ્યમાં સૌથી વધુ વરસાદ વલસાડ જિલ્લાના ઉમરગાંવ ખાતે ૧૨૨ મીમી નોંધાયો છે.

આ ઉપરાંત વલસાડ જિલ્લામાં વલસાડ ખાતે ૧૭, ધરમપુરમાં ૨૯, ગરબડા અને પારડીમાં ૧૬, વાસડામાં ૧૩ અને વાપીમાં ૨૯ મીમી વરસાદ નોંધાયો છે. આ ઉપરાંત આણંદ, છોટાઉદેપુર જિલ્લાઓમાં અડધોથી એક ઈંચ, નર્મદા, તાપી, સુરત, નવસારી જિલ્લામાં એકથી દોઢ ઈંચ વરસાદ નોંધાયો છે. હવામાન ખાતાના જાણકારોના કહેવા મુજબ આજે રાજસ્થાનમાં સાયકલોનીક સરક્યુલેશન છવાયું છે અને તેની અસરના એક ભાગરૂપે આજે કચ્છ તથા ઉત્તર ગુજરાતના વિસ્તારોમાં સામાન્યથી નોંધપાત્ર વરસાદ થયો હતો. સાયકલોનીક સરક્યુલેશનના અસરના એક ભાગરૂપે સૌરાષ્ટ્ર સહિત ગુજરાતના અનેક વિસ્તારોમાં આજે સવારથી જ ધાબડીયું વાતાવરણ રહેવા પામ્યું હતું. આ ઉપરાંત બંગાળની ખાડીમાં લો-પ્રેશર સર્જાયું છે. લો પ્રેશરની અસર ગુજરાતમાં બે દિવસ બાદ દેખાય અને તા. ૩૧ આસપાસ વરસાદનો વધુ એક રાઉન્ડ શરૂ થવાની સંભાવના જાણકારો વ્યક્ત કરી રહ્યા છે. જ્યારે અમદાવાદ શહેરમાં પણ આજે સવારથી વરસાદી ઝાપટાં ચાલુ રહ્યા હતા.

# સિવિલ હોસ્પિટલની પાર્કિંગ વ્યવસ્થાને આધુનિક બનાવાશે

### સિવીલ હોસ્પિટલમાં સ્વચ્છતાનો આગ્રહ તેમજ ગરીબ દર્દીઓને દવા શક્ય હોય ત્યાં સુધી હોસ્પિટલમાંથી મળે તે જોવા પણ સૂચન

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર સિવીલ હોસ્પિટલની પાર્કિંગ વ્યવસ્થાને અસરકારક બનાવવા માટે સિવીલ અને પોલીસ સત્તાવાળાઓને સંયુક્ત રીતે એક્શન પ્લાન તૈયાર કરવા આજે જિલ્લા કલેક્ટરશ્રી રવિશંકરે જણાવ્યું છે.

ગાંધીનગર સિવીલ હોસ્પિટલના રાઉન્ડ માટે ગયેલા જિલ્લા કલેક્ટર શ્રી રવિશંકરે હોસ્પિટલની ઓ.પી.ડી., ઓ.ટી. ફાર્મસી સેક્શન સહિતની સુવિધાઓ

● અનુસંધાન પાન-૭ પર


**મકાન વેચવાનું છે**

ન્યુ ગ્રીનસીટી સેક્ટર-૨૬, કોમન પ્લોટ પાસે, ૧૫૦ મી. પ્લોટ એરિયામાં આર્કિટેક ડિઝાઈનથી ફુલ બાંધકામ વાળુ મકાન વેચવાનું છે. D'Martની પાછળ

મો. ૯૮૨૫૦૩૩૭૪૦



**મુકેશ ભાજીપાઉ**

ચાઈનીઝ, ઢોસા, વડાપાઉ, દાબોલી, પીઝા મળશે

સમય : ૧૦-૦૦ થી ૧૧-૦૦

ડી-૫, સ્વાગત રેઈન ફોરેસ્ટ-૩, સરગાસણ, ગાંધીનગર

ભગવતીલાલ એમ. મોદી : મો. : ૯૮૨૮૩ ૫૧૯૯૨



**સ્પેશિયલ નવરાત્રી બેચ**

૧ ઓગસ્ટથી શુભારંભ

દોઢીયું • પોપટીયું કચ્છી • કાઠિયાવાડી તથા રાસ-ગરબાની અવનવી સ્ટાઈલ શીખો..

ગરબાની વિવિધ સ્ટાઈલની વિધિવત તાલીમ ઉપરાંત પનઘટના અનેક સ્ટેજ શોમાં સામેલ થવાની તક પણ..

સમય : સાંજે ૫ થી ૭

ભાવિન પટેલ : 98790 57556

શ્રી અરવિંદ કેન્દ્ર, સ્વામીનારાયણ મંદિર પાસે, સેક્ટર-૨૩, ગાંધીનગર

**પનઘટ**

**પવિત્ર શ્રાવણ માસે ઘરનું ઘર વસાવવાનો અમૂલ્ય અવસર...**

2 & 3 bhk living space and shops

**શિવાલય RESIDENCY**

drive home to the smartest concept of living

Sample House Ready





Project by : S. R. Infrastructure

Site : SHIVALAY RESIDENCY, Reliance Infocity Road, Nr. Pramukh Arcade, Kudasan, Gandhinagar

Exclusive Sales Partner : Call The Property Shop : 98980 29451, 97236 71067